### નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# નારાયણ વિદ્યાલય, ભરૂચ

**નારાયણ ધ્વનિ-અંક-૩૦ ● વર્ષ : ૨૦૨૨-૨૩**

- ભરૂચ શહેરના હાર્દ સમા શકિતનાથ વિસ્તારમાં આવેલ નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નારાયણ વિદ્યાલયમાં ગુજરાતી માધ્યમ અને અં.મા.માં પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ.માધ્યમિક વિભાગ (વિ.પ્ર અને સા.પ્ર) ના કુલ ૪૮ વર્ગો માં કુલ ૨૦૧૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. શાળામાં ૮૭ શિક્ષકો અને ૨૧ બિન શૈક્ષણિક કર્મચારીઓ કાર્યરત છે.
- આ શાળા ભરૂચ જિલ્લાની ૮૨ શાળાઓનું ભૃગૃઋષિ શાળા વિકાસ સંકુલનું કેન્દ્ર છે.
  **S.S.C. , H.S.C.** બોર્ડની જાહેર પરીક્ષાઓ, **GPSC** ના વિવિધ વર્ગો-૨ અને ૩ ની પરીક્ષાઓ, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી અન્ય જાહેર પરીક્ષાઓનું શાળામાં કેન્દ્ર છે. સાથે બોર્ડની મધ્યસ્થ મૂલ્યાંકન કામગીરી માટેનું કેન્દ્ર પણ શાળામાં રાખવામાં આવે છે.
- **વર્ષ ૨૦૨૨-૨૩માં**
  બોર્ડ પરીક્ષામાં ગુજરાતી માધ્યમનું શાળાનું પરીણામ **૮૮.૧૯%** આવ્યું જેમાં **૫** વિદ્યાર્થીઓએ **A1** ગ્રેડ પ્રાપ્ત કર્યો.
  ૧) ભરૂચા વિદિતા પ્રદીપકુમાર: **૯૫.૬૭%** , ૯૯.૮૮ પર્સન્ટાઇલ
  ૧) મોદી અશ્વિની નરેન્દ્રભાઇ : **૯૫.૬૭%** , ૯૯.૮૮ પર્સન્ટાઇલ
  ૨) પટેલ ઝીલ સંદીપભાઇ : **૯૨%** , ૯૯.૦૪ પર્સન્ટાઇલ
  ૩) રાણા પંકિત અંકુરકુમાર: **૯૧.૧૬%** , ૯૮.૭૩ પર્સન્ટાઇલ
  ૩) ચૌહાણ રૂચિત દક્ષેશકુમાર : **૯૧.૧૬%** , ૯૮.૭૩ પર્સન્ટાઇલ

* માર્ચ - ૨૦૨૨ **S.S.C** બોર્ડ પરીક્ષામાં અંગ્રેજી માધ્યમનું શાળાનું પરીણામ **૮૪%** છે.

- માર્ચ ૨૦૨૨ માં **H.S.C.** બોર્ડ પરીક્ષામાં ધો - ૧૨( વિ.પ્ર )માં શાળાનું પરિણામ **૭૭.૯૪%** છે. જેમાં પટેલ નેહા યોગેશકુમાર : **૯૦.૨૦%** સાથે ૯૯.૮૪ પર્સન્ટાઇલ રેન્ક અને **A1** ગ્રેડ સાથે શાળામાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

* માર્ચ ૨૦૨૨ માં **H.S.C.** બોર્ડ પરીક્ષામાં ધો - ૧૨ કોમર્સ ( સા.પ્ર. ) માં ગુજરાતી માધ્યમનું શાળાનું પરીણામ **૮૩.૨૫%** છે.

* અને **H.S.C.** બોર્ડ પરીક્ષામાં ધો.૧૨ કોમર્સ ( સા.પ્ર . )અંગ્રેજી માધ્યમનું શાળાનું પરીણામ **૮૧.૨૫%** છે.

**● આંતરરાષ્ટ્રીય કક્ષાએ ●**

* શાળાના ડાયરેકટરશ્રી તથા નોન ગ્રાન્ટેડ વિભાગના **આચાર્ય ડૉ.ભગુભાઇ આઇ પ્રજાપતિ બાલી ઇન્ડોનેશિયા ખાતે** ઉપસ્થિત રહયા.જયાં તેમને ઇન્ડો-બાલીનીઝ એચિવર એવોર્ડ ફોર એજયુકેશન એકસેલન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

* ગાંધી પીસ ફાઉન્ડેશન, નેપાળ દ્વારા **LONDON (U.K.)** ખાતે યોજાયેલ ઇન્ટરનેશનલ મીટમાં ડૉ.ભગુભાઇ પ્રજાપતિને **"ગાંધી નોબેલ પીસ એવાર્ડ"** થી સન્માનિત કરવામાં આવ્યા.

* ડૉ.એ.પી.જે અબ્દુલ કલામની જન્મજયંતિ નિમિતે ઓલઇન્ડિયા રામાનુજન મેથ્સ ઇન્ટરનેશનલ કલબ, કેનેડા દ્વારા કવીઝ સ્પધામાં શાળાના ૧૦ શિક્ષકો અને ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

* ટોરન્ટો થી મહાન ગણિત શાસ્ત્રી રામાનૂજન ઉપર આધારિત આંતરરાષ્ટ્રીય સાયન્સ વેબિનાર ઝુમ એપના માધ્યમથી યોજાયો, જેમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

* કોમર્સના વિદ્યાર્થીઓને C.A.અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન મળી રહે તે માટે ઓસ્ટ્રેલિયાથી પંકિત જૈન દ્વારા Google Meet ના માધ્યમથી વિદ્યાર્થીઓનો માર્ગદર્શન સેમિનાર યોજાયો.

## ● રાષ્ટ્ર કક્ષાએ ●

* કલાભારતી ચાઇલ્ડ આર્ટ ઇન્સ્ટીટયૂટ,ઔરંગાબાદ આયોજીત નેશનલ લેવલ મેગા ડ્રોઇંગ કોમ્પીટીશનમાં ધો- ૬અ ના વિદ્યાર્થી રાજ ક્રિષ્ના સુરેન્દ્રસિંહે ભાગ લઇ સિલ્વર મેડલ મેળવ્યો.

## ● રાજયકક્ષાએ ●

૧) ગુજરાત રાજય યુવા અને સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આયોજીત યુવક મહોત્સવમાં સર્જનાત્મક કારીગરીમાં ધો -૧૧ ( વિ.પ્ર )ની વિદ્યાર્થીની યેશા.જી.પટેલ, શ્રી કે.કે.પારેખ અને મહેતા આર.પી.વિદ્યાલય અમરેલી ખાતે ભાગ લીધો.અગાઉ તેઓ કુલ ૫ વખત રાજય કક્ષાએ ભાગ કઇ ચૂકયા છે જેમાં ૨ વખત પ્રથમ અને ૨ વખત દ્વિતીય ક્રમ હાંસલ કર્યો છે.કલામહાકુંભ અંતર્ગત સર્જનાત્મક કારીગરીમાં તેઓએ અંધ ઉદ્યોગ શાળા, ભાવનગર ખાતે ભાગ લીધો.

૨) નેશનલ સાયન્સ સેમિનાર દ્વારા આયોજિત"ટકાઉ વિકાસમાટે મૂળભૂત વિજ્ઞાન : પડકારો અને સંભાવનાઓ" વિષય પર શાળાની ધો-૧૦ બ ની વિદ્યાર્થીની પટેલ નિર્વા મયંકભાઇએ સાયન્સ સીટી, અમદાવાદ ખાતે ભાગ લીધો.

૩) રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોગ્રેસ દ્વારા આયોજીત સંશોધનાત્મક પ્રોજેકટમાં શાળાના ગુજરાતી માધ્યમના ૪ પ્રોજેકટ પૈકી દણાંક નમન ( ધો - ૯ બ ), રંગુનવાલા ક્રિષ્ના ( ધો - ૯ બ ), પરમાર ચાર્મી ( ધો - ૯ અ ) અને પુરોહિત હર્ષિલ ( ધો - ૧૦ બ ) તથા અંગ્રેજી માધ્યમ માંથી સિંઘ આદિત્ય ( ધો - ૧૧ સાયન્સ અ.મા. ) એ સાયન્સસીટી, અમદાવાદ ખાતે ભાગ લીધો.

૪) ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજીત રાજયકક્ષાની G3Q સ્પર્ધામાં શાળાની ધો - ૧૦ અ ની વિદ્યાર્થીની પટેલ જહાન્વી તથા ધો - ૧૨ કોમર્સ( અં.મા. )નો વિદ્યાર્થી પરમાર કૌશિક પસંદગી પામ્યા. તેઓએ અમદાવાદ ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમ ખાતે આયોજીત રાજય કક્ષાની G3Q સ્પર્ધામાં ભાગ લીધો. જેમની સાથે શાળાના ૫૬ વિદ્યાર્થીઓ પણ ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત રહયા.

૫) રાજયકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ૬ થી ૧૪ વય જૂથમાં **પ્રાથમિક વિભાગ**માંથી **કાયસ્થ ચાર્મી પી., પઢિયાર માહી, અટોદરિયા વેદાંશ્રી, વાઘેલા પાયલ (ધો.૪)** અને ગ્રુપ લગ્નગીત સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા થયેલ છે. બાળ પ્રતિભા સ્પર્ધામાં સર્જનાત્મક કારીગરીમાં **વસાવા ભવ્યા અક્ષયકુમાર (ધો. ૨-બ)** પ્રથમ ક્રમે વિજેતા બની ૨૦૦૦ રૂા. નું પારિતોષિક મેળવેલ છે.

## ● ઝોન કક્ષાએ ●

૧) યુવક મહોત્સવમાં બ વિભાગમાં વકતૃત્વ સ્પર્ધામાં પ્રજાપતિ પૂર્વા, નિબંધ લેખનમાં રાણા પારસ, ગઝલ શાયરીમાં દિવ્યા લિમ્બચીયા એમ ત્રણ શિક્ષકો તથા અ વિભાગમાં સર્જનાત્મક કારીગરીમાં ધો - ૧૧ વિ.પ્ર.ની વિદ્યાર્થીની પટેલ યેશા અને એકપાત્રીય અભિનયમાં ધો - ૧૨ વિ.પ્ર.ની વિદ્યાર્થીની શાહ યશ્વીએ ભાગ લીધો.

૨) **GCERT**આયોજીત**"**આઝાદી કા અમૃત મહોત્સવ**"** અંતર્ગત યોજાયેલ કવિ સંમેલન સ્પર્ધામાં ધો - ૧૨ વિ.પ્ર.ના વિદ્યાર્થી પીઠડીયા અપૂર્વએ ભાગ લઇ તૃતીય ક્રમ હાંસિલ કર્યો.

૩) ઝોન કક્ષાના કલામહાકુંભમાં ધોરણ ૧૨ વિ.પ્ર.નો વિદ્યાર્થી પીઠડિયા અપૂર્વ કાવ્ય લેખનમાં દ્વિતીય અને ધો. ૧૨ (સા.પ્ર.) ની વિદ્યાર્થીની ચૌહાણ હિરવા એ દુહા, છંદ, ચોપાઇમાં તૃતીય ક્રમ હાંસિલ કરેલ છે. સાથે ઉ. મા. વિભાગમાંથી લગ્નગીતની કૃતિ ઝોન કક્ષાએ રજૂ થયેલ છે, સાથે પ્રાથમિક વિભાગની શિક્ષિકા બહેનોનું ગ્રુપ દ્વારા લગ્નગીત સ્પર્ધામાં ઝોન કક્ષાએ ભાગ લેવાયેલ છે.

## ● જિલ્લા, તાલુકા, QDC કક્ષાએ ●

શિક્ષણવિભાગ, GCERT,NCERT,NGO વગેરે દ્વારા આયોજિત કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઇને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહયા છે.

## ● શાળાકક્ષાએ ●

૧) શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓ સ્ટેજ પર પરફોર્મન્સ કરી શકે તેવા આશયથી શાળામાં ત્રણ સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા.

૨) શાળાના બધા બાળકોમાં અભિવ્યકિતનું કૌશલ્ય પ્રગટે તેમજ આત્મવિશ્વાસ પૂર્વક પોતાની વાત રજૂ કરી અને જુદી જુદી વ્યકિતઓ સાથે વાતચીતની કુનેહ કેળવે તેવા ઉદેશ્યથી ત્રિદિવસીય ૫૮૦ પ્રોજેકટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.